દાદા ભગવાન પરિવારનું

જાન્યુઆરી ૨૦૨૨

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# લિમિટલેસ શક્તિ

**બાળમિત્રો,**

સુપરહીરોસની વાતો તો આપણે ઘણીય સાંભળી અને જોઈ છે. લગભગ દરેક સુપરહીરો, જેમ કે સુપરમેન, બેટમેન, સ્પાઈડરમેન, વન્ડરવુમન વગેરે પાસે એક અનોખો સુપરપાવર હોય છે. પણ શું તમને ખબર છે કે સુપર હીરોસની જેમ આપણા સહુ પાસે પણ એક સુપર પાવર છે ? હા, એનું નામ છે, લિમિટલેસ શક્તિ ! આપણી પાસે એક એવો શક્તિનો ખજાનો છે જે ફક્ત આપણને જ નહીં પણ બીજાઓને પણ હેલ્પ કરી શકે.

પણ, તમને પ્રશ્ન એ થતો હશે કે જો ખરેખર આપણી પાસે એવી શક્તિનો ખજાનો હોય તો આપણને એનો અનુભવ કેમ નથી થતો ? ખરું ને ? પ્રશ્ન તો એવા પણ થાય કે શું એ શક્તિઓ ખલાસ થઈ શકે ? કેવી રીતે ? શક્તિઓ વધે કેવી રીતે ? તો ચાલો, આ અંકમાં દાદાશ્રીની સુંદર સમજણ દ્વારા આ બધા જ પ્રશ્નોના જવાબ મેળવીએ અને આપણી અંદરની શક્તિઓ ખીલવીએ !

- ડિમ્પલ મહેતા

અક્રમ એક્સપ્રેસ


વર્ષ : ૧૪, અંક : ૫
સળંગ અંક : ૧૬૧
જાન્યુઆરી ૨૦૨૨



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2021, Dada Bhagwan Foundation
All Rights Reserved




લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# જ્ઞાનીઓ કહે છે...

## અનંત શક્તિ એટલે શું ?

આપણી પાસે અનંત શક્તિઓ છે, પણ તે આવરાયેલી (ઢંકાયેલી) પડી છે. બધી જ જાતની શક્તિઓ મહીંથી નીકળે તેવી છે. જેટલી શક્તિ કાઢતા આવડે એટલી તમારી.

દા.ત.: કોઈ ગાતું હોય તેની આરાધના કરો કે 'બહુ સરસ, બહુ સરસ' તો અંદર એવી શક્તિ ઉત્પન્ન થાય કે તમને પણ ગાતા આવડી જાય.



## શક્તિઓ તૂટે કેવી રીતે ?

મનોરંજન કરવાથી શક્તિઓ નબળી થતી જાય. મનોરંજન પ્રમાણસર બરોબર છે.મનોરંજન એટલે મોબાઈલ ગેમ્સ, ટી.વી., મુવી, ઈન્ટરનેટ વગેરેથી મજા કરીએ તે.

'મારામાં શક્તિ નથી' એવું કહ્યુંને એટલે બધી જ શક્તિઓ તૂટી જાય.

શક્તિઓ અનંત છે, પણ ઘર્ષણથી (અથડામણ, ઝઘડા અને નેગેટિવિટી) બધી શક્તિઓ ખલાસ થઈ જાય છે.

દા.ત.: કંઈ પણ નવું શીખવાની શક્તિ તો આપણી પાસે હોય જ છે, પણ ''મને નહીં આવડે તો ?'', ''આ ટીચરને તો શીખવાડતા આવડતું જ નથી'', ''આ ફ્રેન્ડ સ્ટુપિડ છે. એની પાસે હું નહીં શીખું'' વગેરેથી આપણી શક્તિઓ ખલાસ થઈ જાય છે.



## શક્તિ વધે કેવી રીતે ?

શક્તિ ખૂટે, મન અને શરીર નિર્બળ થાય ત્યારે 'હું અનંત શક્તિવાળો છું.' એવું જોર જોરથી બોલે એટલે તે વખતે પાછી શરીરમાં શક્તિ આવી જાય.

દા.ત.: રનિંગ રેસમાં ભાગ લીધો હોય અને દોડતા દોડતા થાકી જવાય, ત્યારે ''હું અનંતશક્તિવાળો છું.'' એવું બોલીએ તો શરીરમાં દોડવાની શક્તિઓ આવી જાય.



**'ના ફાવતા' જોડે એડજસ્ટ થાય ત્યાં આત્મશક્તિઓ પ્રગટ થાય.**

# આ તો નવી જ વાત !




જો 'મને નહીં આવડે' એવું કાઢી નાખોને તો શક્તિઓ ખીલે. અંદરથી સૂઝ પડતી જાય, જાણકાર મળી જાય અને શીખતા વાર જ ના લાગે.

ભગવાન પાસે કઈ શક્તિ માંગવી ? આ તોફાન (ઝઘડા, નેગેટિવિટી, અથડામણ) ચાલ્યું છે એમાં જ્ઞાનશક્તિ (સમજશક્તિ) અને સ્થિરતાશક્તિ આપો એમ માંગવું.



મહીં પાર વગરની શક્તિ છે ! હે ભગવાન ! શક્તિ આપો. એટલે તરત શક્તિ આપે એ. છૂટકો જ નહીંને ! બધાને આપે, માગનાર જોઈએ.





આપણી શક્તિઓ ક્યારે વધશે ? જ્યારે આપણે ચેલેન્જીસ લઈશું ત્યારે.

# મેજિક ડાયલ

"દીદી, પ્લીઝ ફોરવર્ડ કરને આ સીન ! કેટલો બોરિંગ છે !" સુહાનીએ અકળાઈને કહ્યું.

"કમ ઓન યાર સુહાની," દીદીએ રિમોટ પોતાના પગ નીચે સંતાડી દીધું, "એક ફિલ્મ તો મને આખી જોવા દે ! સીન્સ ફોરવર્ડ કરીને ફિલ્મ જોવાની શું મજા આવે !

પણ સુહાનીને તો સીન્સ ફોરવર્ડ કરીને જ ફિલ્મ જોવાની મજા આવતી. અરે , એ તો ઘણી વાર એવી કલ્પના કરતી, "કાશ, મારી પાસે પણ એક એવું રિમોટ કન્ટ્રોલ હોત જેનાથી હું મારી લાઈફની બધી જ બોરિંગ અને ડિફિકલ્ટ પરિસ્થિતિ ફોરવર્ડ કરીને ફ્યૂચરમાં પહોંચી જાત !"

પણ એવા રિમોટ કન્ટ્રોલ રિયલ લાઈફમાં ક્યાંથી હોય ? સુહાની જ્યારે ફ્યૂચરમાં પહોંચવાની કલ્પનાઓ કરતી હતી ત્યારે એણે કલ્પનામાં પણ એવું નહોતું વિચાર્યું કે એની કલ્પના હકીકત બની શકે. એક રાત્રે, નાનાજીના ગેસ્ટ રૂમ કોટેજમાં એણે જે જોયું તે માનવા માટે એ તૈયાર જ નહોતી. એણે અભરાઈ પર પડેલું એક ચળકતું ડાયલ જોયું. અને સાથે બ્યૂટીફૂલ ડ્રેસમાં સજ્જ લેડીને જોઈને ચોંકી ગઈ.



"કોણ છો તમે અને આ શું છે ? સુહાનીએ આશ્ચર્યથી પૂછ્યું અને હાથમાં પકડેલું ડાયલ પલંગ પર એવી રીતે ફેંક્યું જાણે કોઈ ગરમ વસ્તુ ભૂલથી હાથમાં પકડાઈ ગઈ હોય !

"આ એક મેજિક ડાયલ છે અને હું ટાઈમ ક્વીન છું. તેં આ મેજિક ડાયલનો કાંટો ફેરવ્યો એટલે હું તારી સેવામાં હાજર થઈ છું." લેડીએ પોતાના સુરીલા અવાજમાં કહ્યું.

"એ... એ... એટલે ?" સુહાનીએ અચકાતા અચકાતા પૂછ્યું, "વ્હોટ ડુ યુ મીન બાય મારી સેવા ?"

"એટલે એમ કે જો તારે આ મેજિક ડાયલનો યુઝ કરવો હોય તો હું તને એની કન્ડિશન્સ કહીશ." ટાઈમ ક્વીને કહ્યું.

સુહાનીને કંઈ જ સમજમાં નહોતું આવી રહ્યું. એણે પૂછ્યું, "શું કન્ડિશન્સ છે ?"

"આ મેજિક ડાયલની માત્ર ત્રણ કન્ડિશન્સ છે." ટાઈમ ક્વીને જણાવ્યું, "ફર્સ્ટ કન્ડિશન છે કે, જો તું આ મેજિક ડાયલનો કાંટો એક વાર ક્લોકવાઈઝ ફેરવીશ તો તું નજીકના ફ્યૂચરમાં પહોંચી જઈશ. પણ આ મેજિક ડાયલનો ઉપયોગ પાસ્ટમાં જવા માટે નહીં થઈ શકે."

"ઓ... કે ! બીજી કન્ડિશન શું છે ?" સુહાનીને તો રસ પડ્યો.

"બીજી કન્ડિશન એ છે કે જે ઈવેન્ટ્સને તે ફાસ્ટ ફોરવર્ડ કરી હશે એની કોઈ પણ મેમરી તને યાદ નહીં રહે." ટાઈમ ક્વીને કહ્યું.

"ઓહ !" સુહાનીને આ કન્ડિશન પસંદ ના પડી. "અને ત્રીજી ?"

"આ મેજિક ડાયલનો યુઝ તું ફક્ત ત્રણ વાર કરી શકીશ. જો તારે યુઝ કન્ટિન્યૂ કરવો હોય તો જ્યારે ચોથી વાર કાંટો ફેરવીશ ત્યારે હું હાજર થઈશ અને તને એક્સટેન્શન કરી આપીશ. પણ, પ્લીઝ સમજી વિચારીને ડાયલનો યુઝ કરજે." ટાઈમ ક્વીને સુહાનીને ત્રણેવ કન્ડિશન જણાવી.

"વાઉ !" સુહાનીએ તરત જ પલંગ પરથી ડાયલ ઉઠાવ્યું અને પોતાના પેન્ટના ખિસ્સામાં સાચવીને મૂકી દીધું.

સુહાનીએ મેજિક ડાયલનો પહેલો યુઝ મનમાં તરત જ વિચારી લીધો. નજીકમાં જ પરીક્ષાઓ આવી રહી હતી. પરીક્ષા પછી ડેડીએ આખી ફેમિલીને માલદીવ વેકેશન પર લઈ જવાનો પ્લાન કર્યો હતો.

દર વખતે પરીક્ષાઓની તૈયારી કરતા કરતા સુહાનીના નાકે દમ આવી જતો. પણ મેજિક ડાયલના પ્રતાપે હવે કોઈ કષ્ટ સહન કરવાની જરૂર નહોતી. મેજિક ડાયલ ફેરવીને સુહાની બોલી, "આ મેજિક ડાયલ,, એકઝામ્સ પાર કરીને મને ફ્યૂચરમાં માલદીવ વેકેશન પર લઈ જા." અને તરત જ સુહાની માલદીવ પહોંચી ગઈ.

થોડા દિવસો પછી સુહાનીને ટાયફોઈડ થયો. ડૉક્ટરે સાદું ખાવાની સલાહ આપી. પણ, સુહાનીને તો બસ ચટપટું ખાવામાં જ રસ હતો. એણે ફરી મેજિક ડાયલ ફેરવ્યું. "ઓ મેજિક ડાયલ, ટાયફોઈડ મટી ગયો હોય એવા ફ્યૂચર પોઈન્ટ પર મને લઈ જા." અને સુહાની બીમારીના દિવસો ઓળંગીને ફ્યૂચરમાં પહોંચી ગઈ.

ધાર્યા કરતા વધારે જલ્દી એણે બે વાર મેજિક ડાયલનો યુઝ કરી લીધો. બસ, હવે છેલ્લી વારનો યુઝ બાકી હતો. સુહાનીને એક મોટર બાઈક ખરીદવી હતી, પણ ડેડીએ ચોખ્ખું કહેલું કે બાઈક તો દસમાં ધોરણમાં જ મળશે.

ઘણું વિચાર્યા પછી આખરે સુહાનીએ ડાયલ ફેરવી જ દીધું, "ઓ મેજિક ડાયલ, પ્લીઝ મને ફ્યૂચરમાં દસમાં ધોરણમાં લઈ જા."

સુહાની ફ્યૂચરમાં પહોંચી ત્યારે એની આસપાસના લોકો પણ ફ્યૂચરમાં જ હતા. ફરક બસ એટલો જ હતો કે સુહાની જે સિચ્યુએશન્સને ઓળંગીને ફ્યૂચરમાં પહોંચી જતી એનો કોઈ પણ જાતનો અનુભવ કે મેમરી એની પાસે નહોતા. જ્યારે આસપાસના લોકો પાસે પોતપોતાના અનુભવોનો સ્ટોક અને મેમરી બંને હતા. આમ તો સુહાનીને પોતાનામાં કોઈ બદલાવ નહોતો લાગ્યો. પણ આસપાસના લોકોમાં એણે પરિવર્તન નોટિસ કર્યું હતું.

તે રાત્રે જ્યારે ડિનર ટેબલ પર મમ્મીએ અનુશ્રીદીદીની વાત કાઢી, ત્યારે સુહાની પણ મમ્મીની વાત સાથે સહમત થઈ હતી. મમ્મીએ ખૂબ રાજી થતા કહેલું, "આપણી નાનકડી અનુ જે રોજ સ્કૂલે જતા રડતી અને એકઝામ પહેલા જેને તાવ આવી જતો, તે હવે



ડૉક્ટર બનવાની છે. આજે એ ડરપોક અનુશ્રીને કોન્ફિડન્ટ જોઈને ખૂબ આનંદ થાય છે.''

એક દિવસ અનુદીદીએ સુહાનીના ફેવરીટ પાસ્તા બનાવ્યા અને એ સુહાનીને આપવા આવ્યા. હિમ્મત કરીને સુહાની બોલી, ''દીદી, એક વાત પૂંછુ ?''

''શું, એ પણ કંઈ પૂછવાની વાત છે ?''

''દીદી, તમને એકઝામ પહેલા કેટલો ડર લાગતો હતો. હવે તમે આટલા કોન્ફિડન્ટ અને સ્ટ્રોંગ કેવી રીતે બની ગયા ?''

''ક્યારેક ક્યારેક મને પણ ડર લાગે છે. મેં ડરને હરાવી નથી દીધો. પણ હા, હું ચોક્કસ જીતી ગઈ છું. મને એટલું દ્રઢપણે સમજાઈ ગયું છે કે કામ કરવાની શક્તિ તો છે જ મારી પાસે. મારે તો ફક્ત નેગેટિવિટી કે ડરમાં એ શક્તિઓ વેસ્ટ નથી કરી દેવાની. પહેલા તો હું ડિફિકલ્ટ સિચ્યુએશન્સથી દૂર ભાગવાની કોશિશ કરતી હતી. પણ પછી મને સમજાયું કે એવું કરવાથી મારી શક્તિઓ ક્યારેય ખીલશે જ નહીં !''

આ સાંભળીને સુહાનીનું મોઢું થોડું ઢીલું થઈ ગયું.

અનુદીદીએ પોતાનો હાથ સુહાનીના ગાલ પર મૂકીને પ્રેમથી કહ્યું, ''ખબર છે તને એક મધર જિરાફ, બેબી જિરાફને જન્મ આપ્યા પછી શું કરે છે ?''

''મને નથી ખબર, શું કરે ?''

''થોડું વહાલ કર્યા પછી, મધર બેબીને એવી કિક મારે કે બેબી હવામાં ઉછળે અને પછી જમીન પર પટકાય. બેબી મધર પાસે જાય તો મધર ફરી એને કિક મારે. જ્યાં સુધી બેબી પોતાના પગ પર ઊભું રહેતા ના શીખી જાય, ત્યાં સુધી મધર એને કિક માર્યા કરે. આમ કરવાથી બેબી જિરાફના પગ સ્ટ્રોંગ બનતા જાય. એક વખત બેબી જિરાફ પોતાના પગ પર ઊભું રહેતા શીખી જાય, એટલે મધર જાણી જાય કે હવે એનું બેબી ગમ્મે એટલું પડશે, પણ પાછું જાતે ઊભું થઈને દોડી શકશે. સિંહ અને વાઘના શિકારમાંથી બચી શકશે.''

સુહાની ધ્યાનથી અનુદીદીની વાત સાંભળી રહી હતી.

''લાઈફમાં આપણને પણ ઘણીવાર મધર જિરાફની કિક્સ જેવી ડિફિકલ્ટ સિચ્યુએશન્સ આવે છે. જો આપણે એ પ્રસંગોથી દૂર ના ભાગીએ તો બેબી જિરાફની જેમ પોતાના પગ પર ઊભા રહેવાની શક્તિ મેળવી શકીએ, સ્ટ્રોંગ બની શકીએ. બસ, આ વાત હું શીખી ગઈ. અને સ્ટ્રોંગ બનતી ગઈ.'' અનુદીદીએ પ્રેમથી સુહાનીને સમજાવ્યું. એમની નજર ઘડિયાળ પર ગઈ,



"ઓહ, મારે મોડું થાય છે. હું તને પછી આવીને મળું. એન્જોય ધ પાસ્તા... બાય !"

"બાય, દી!"

સુહાનીએ ઘડિયાળ સામે જોયું અને એને ટાઈમ ક્વીનની યાદ આવી. દસમાં ધોરણની પરીક્ષા નજીક હતી. એણે મેજિક ડાયલ ફેરવ્યું અને ટાઈમ ક્વીન હાજર થયા.

"સુહાની, એક્સટેન્શ જોઈએ છે ? દસમાં ધોરણની એક્ઝામ ફાસ્ટ ફોરવર્ડ કરવી છે ?" ટાઈમ ક્વીને પૂછ્યું.

"ના, ટાઈમ ક્વીન. ઈન ફેક્ટ, મારે તો ડાયલ પાછું આપવું છે. મેજિક ડાયલનો યુઝ કરીને હું પોતાની મનગમતી વસ્તુઓ મેળવી તો લેતી, પણ છતાંય મારી મજા ટકતી નહોતી. લાઈફના બધા જ મુશ્કેલ પ્રસંગોને ફાસ્ટ ફોરવર્ડ કરીને, હું તો ફક્ત મજા જ કરતી હતી. પણ તોય મને મજા નહોતી આવતી. આજે અનુદીદી સાથે વાત કરીને મને સમજાયું કે કેમ હું દિવસે ને દિવસે વધુ ને વધુ અશક્ત બનતી જતી હતી."

આમ કહીને સુહાનીએ ટાઈમ ક્વીનને ડાયલ પાછું આપ્યું.

"આજ સુધી જેણે જેણે આ મેજિક ડાયલ યુઝ કર્યું છે તેમને મેજિક ડાયલ કરતા વધુ પાવરફૂલ કશું જ લાગ્યું નથી. પણ સાચી વાત તો એ છે કે દરેક વ્યક્તિ આ ડાયલ કરતા વધુ પાવરફૂલ છે. જેમ ઘરમાં ખજાનો છુપાયેલો હોય, પણ ખબર ના હોય તો એ ખજાનો વપરાય નહીં, એમ આપણી અંદર પણ શક્તિનો ખજાનો છુપાયેલો છે. પણ ખબર નહીં હોવાથી એ વપરાતો નથી. આ મેજિક ડાયલ પાછું આપીને તેં એ શક્તિના ખજાનાનો ખરો ઉપયોગ શરૂ કર્યો છે. જેમ જેમ તું વાપરતી જઈશ એમ એમ તને એ ખજાનો ઓળખાતો જશે. ઓલ ધ બેસ્ટ સુહાની !" કહી ટાઈમ ક્વીન ગાયબ થઈ ગયા.


સુહાનીએ એક ઊંડો શ્વાસ લીધો અને પરીક્ષાની તૈયારીઓ શરૂ કરી.



# The Rastul Flower

અક્રમ એક્સપ્રેસ
જાન્યુઆરી ૨૦૨૧ નો અંક
વાંચવા સ્કેન કરો QR Code

તમારી કલ્પના શક્તિ અને જાન્યુઆરી ૨૦૨૧માં પ્રકાશિત થયેલો અંક 'નિયમિતતા'માંથી મેળવેલી સમજણનો ઉપયોગ કરી, કોમિક સ્ટોરી 'ધ રસ્તુલ ફ્લાવર પૂરી કરો. અને હા, આ સ્ટોરીની ખાસિયત એ છે કે આ સ્ટોરી તમારા જેવા જ બાળકોએ તમારા માટે બનાવી છે.



# ચાલો રમીએ...

નીચે આપેલા ચિત્રમાંથી છૂપાયેલી
૧૨ વસ્તુઓ શોધો.





# જીવંત ઉદાહરણ

## હું ઊડવાનું શીખી લઉં




જેનાઈન શેફર્ડની લાઈફમાં એક ડ્રીમ હતું. ઓલિમ્પિક ગેમ્સમાં ભાગ લેવાનું ડ્રીમ. ખૂબ દિલથી તે વિન્ટર ઓલિમ્પિકસ માટે પ્રેક્ટિસ કરી રહી હતી.

આછી આછી ઠંડી અને આછો આછો તડકો હતો. હવામાં સુગંધ હતી. જેનાઈન સતત પાંચ કલાકથી પર્વતોની વચ્ચે સાયકલીંગની પ્રેક્ટિસ કરી રહી હતી. પ્રેક્ટિસ પતવાને ફક્ત દસ જ મિનિટની વાર હતી. જેનાઈને આકાશ તરફ જોયું અને અચાનક અંધકાર છવાઈ ગયો.

એક મોટી ટ્રક સ્પીડથી આવીને જેનાઈન સાથે ટકરાઈ ગઈ. આ એક્સિડન્ટમાં જેનાઈનને જીવલેણ ઈજાઓ (મૃત્યુ થઈ શકે એટલું વાગ્યું) પહોંચી. હેલિકોપ્ટરની મદદથી એને એક મોટી હોસ્પિટલમાં લઈ જવામાં આવી. ઈજાઓ એટલી ભયંકર હતી કે જેનાઈનને કહેવામાં આવ્યું કે એ ફરી ક્યારેય ચાલી નહીં શકે. જેનાઈનને ભારે શોક લાગ્યો, "હું તો એક એથલીટ છું. જો હું ખેલના મેદાનમાં ભાગ જ ના લઈ શકું તો પછી મારું બીજું કામ જ શું રહ્યું ? હું શું કરીશ ? હું શું રહીશ ?"

છ મહિના બાદ જેનાઈનને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યું. ઘરે ગયા બાદ જેનાઈનને પોતાની એક્સિડન્ટ પહેલાની લાઈફની યાદ આવવા લાગી. એને રનિંગ શૂઝ પહેરીને દોડવા જવું હતું. એને પોતાની જૂની લાઈફ, પોતાનું બોડી પાછું જોઈતું હતું. જેનાઈનને લાગ્યું જાણે એણે બધું જ ખોઈ નાખ્યું હતું. જે મેળવવા માટે એને સખત મહેનત કરી હતી, ફિઝિકલ ટ્રેનિંગ કરીને બોડી બનાવ્યું હતું તે બધું જ જાણે એક જ પળમાં એની પાસેથી છીનવાઈ ગયું હતું. તે સમયે જેનાઈનને એની એક ફ્રેન્ડની યાદ આવી. સોળ વર્ષની એ છોકરી, જેનાઈન સાથે એના જ હોસ્પિટલ વોર્ડમાં હતી. એનો એવો ભયંકર એક્સિડન્ટ થયો હતો કે તે આજીવન અપંગ બની ગઈ હતી. પણ તેમ છતાંય એણે ક્યારેય કોઈ



ફરિયાદ નહોતી કરી. હંમેશાં એના ચહેરા પર સ્માઈલ રહેતી.



પોતાની ફ્રેન્ડનો હસતો ચહેરો યાદ કરીને જેનાઈનને વિચાર આવ્યો, "મારી પાસે એક ચોઈસ છે - હું મારી પરિસ્થિતિ સામે લડ્યા કરું અથવા તો હું મારી પરિસ્થિતિ અને મારી બોડીનો સ્વીકાર કરી લઉં. લાઈફનો એક દરવાજો બંધ થયો તો શું થઈ ગયું ? બીજા અનેક દરવાજાઓ ખુલી શકે છે." પોતાની પરિસ્થિતિનો સ્વીકાર કરતાની સાથે જ જેનાઈનને એક ફ્રીડમનો અહેસાસ થયો.

એક દિવસ જેનાઈન પોતાની વ્હીલચેરમાં બેઠી હતી. તેણે આકાશમાં એક પ્લેનને જતા જોયું અને અચાનક એને વિચાર આવ્યો, "ધેટસ ઈટ ! જો હું ચાલી નથી શકતી, તો હું ઊડવાનું શીખી લઉં !"

જેનાઈને પાઈલટ બનવાની ટ્રેનિંગ શરૂ કરી. પાઈલટ બનવાના રસ્તામાં ઘણા બધા ચેલેન્જીસ આવ્યા. પણ તેણે હાર ના માની. હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થયાના ફક્ત અઢાર મહિનાઓ બાદ જેનાઈનના હાથમાં એ લાઈસન્સ હતું જેનાથી એ અન્ય સ્ટુડન્ટસને ફ્લાઈટ ઉડાડવાની ટ્રેનિંગ આપી શકે.


જેનાઈન શેફર્ડ કહે છે કે, "મારી બોડીમાં લિમિટેશન્સ છે. પણ મારી અંદરની શક્તિઓમાં કોઈ લિમિટેશન્સ નથી. આજે મને સમજાય છે કે ખરી શક્તિ મને ક્યારેય મારી બોડીમાંથી નથી મળી. મારી શારીરિક શક્તિઓ ભલે અતિશય બદલાઈ ગઈ છે, પણ હું જે છું એમાં કોઈ બદલાવ નથી થયો."

મિત્રો, આ તો કેવી ગજબની સમજણશક્તિ ! લાઈફમાં ચેલેન્જીસ અને ડિફિકલ્ટીઝ તો બધાને જ આવે. પણ ખરા વિરલાઓ તો એ જ કહેવાય જે આ ચેલેન્જીસને પાર કરીને પોતાની આંતરિક શક્તિઓ ખીલવે !



# શક્તિકવચ



સુહાનગઢની પ્રજાની બહાદુરીની ચર્ચા સાંભળીને, એક યક્ષ તપાસ કરવા નીકળ્યા. ઘોર જંગલમાં એક યુવાનને એકલો જોઈ એની સામે જઈ ચઢ્યા.
અરે ઓ છોકરા ! મને જોઈને તને ડર ના લાગ્યો ? ભલભલા મને જોઈને ડરી જાય છે !
લાગે છે તમે મારા રાજ્યમાં નવા છો. મારા રાજાનું શક્તિકવચ અમારા આખા રાજ્યનું રક્ષણ કરે છે. કોઈની તાકાત નથી કે અમારો વાળ પણ વાંકો કરી શકે !
યુવાનનો આત્મવિશ્વાસ જોઈને યક્ષજી તો દંગ થઈ ગયા.
આ તો વળી જબરું કહેવાય ! રાજાના પ્રતાપે પ્રજા નીડર ! આ રાજાને તો મળવું જ પડશે !



રાજાએ યક્ષનું સ્વાગત કર્યું અને ભોજન કરાવ્યું.
પ્રજાને આપ પર અતૂટ વિશ્વાસ છે. એવું તો વળી કેવું શક્તિકવચ છે આપની પાસે, જે પ્રજાનું રક્ષણ કરે છે ?
રાજાજી આછું હસ્યા અને વાત શરૂ કરી...
વર્ષો પહેલાની આ વાત છે. એક રાજકુંવર તરીકે બધી જ વસ્તુઓ માંગતા પહેલા જ મારી પાસે હાજર થઈ જતી.
પણ જો મને મનગમતી વસ્તુ ના મળે તો હું બેચેન થઈ જતો. ટાઈમ પર મારું કામ ના થાય તો મને અકળામણ થઈ જતી. મારે આવી નબળાઈઓથી છૂટવું હતું.
મને એક ગુરુકુળમાં મૂકવામાં આવ્યો.
કુંવરજી, હું તમને અવશ્ય એક શક્તિશાળી પુરુષ બનાવીશ. પણ તમારે મારી આજ્ઞાનું પાલન કરવું પડશે. છે મંજૂર?
હા, હા, મને મંજૂર છે.
સારું તમારું પહેલું કામ છે આશ્રમના દ્વાર પાસે આવેલા ખડકને બને એટલા જોરથી ધક્કો મારવો. જો શક્તિ ખૂટી પડે તો મનોમન મારી પાસે આ કામ કરવાની શક્તિ માંગજો.
બસ, એટલું જ ?
અને ઘણાં દિવસો સુધી હું ખડકને ધક્કો મારતો રહ્યો. પણ ખડક એની જગ્યાએથી સહેજ પણ ના હલ્યો.



હવે, મારી પાસે આ કામ કરવાની શક્તિ નથી. શક્તિ માંગુ છું, પણ મળતી હોય એવું લાગતું નથી.
એક દિવસ,
ગુરુજી, મેં દિલથી આપની આજ્ઞાનું પાલન કર્યું છે. પણ હવે હું થાકીને હારી ગયો છું. ખડક તો એની જગ્યાએથી હલતો જ નથી.
કુંવર, મેં તો તમને ફક્ત ખડકને ધક્કો મારવાનું કામ સોંપ્યું હતું. ખડક એની જગ્યાએથી હલ્યો કે નહીં એ તમારે નહોતું જોવાનું.
અને તમે દિલથી મારી આજ્ઞાનું પાલન કર્યું છે. શું તમને લાગે છે કે તમે ખરેખર હારી ગયા છો ?
જરા, પોતાની જાતને તપાસો. ખડક પર દબાણ આપવાના કારણે તમારા બાહુઓમાં બળ વધ્યું છે. તમારું શરીર વધુ બળવાન બન્યું છે.
બહાર ખડક હલ્યો નહીં, પણ અંદર શરીરમાં શક્તિઓ વધી. તે જ રીતે, શક્તિ માંગવાથી બહાર કંઈ ફેરફાર ના દેખાય તેમ છતાંય અંદર શક્તિઓ વધે જ છે !


જેમ શરીર પર જોર પડવાથી શારીરિક શક્તિઓ વધી, તે જ રીતે બહારથી જ્યારે કોઈ પણ દબાણ (તોફાન) આવે ત્યારે આપણી આંતરિક (અંદરની) શક્તિઓ પણ વધે જ છે ! જો આપણે હારીને બેસી ના જઈએ તો...
ગુરુકુળમાં એવા અનેક દબાણો, જેમ કે અશક્ય અને 'ના ગમતા' કામો આવ્યા. હાર માન્યા વગર જે જે કર્યું તેમાં સૂઝ વધતી ગઈ અને શક્તિઓ પ્રગટ થતી ગઈ.
શક્તિ તો દરેકમાં છે. બસ, મારા ગુરુજીએ મારી શક્તિઓને ખીલવવાની ચાવી મને બતાવી દીધી. અને એ જ શક્તિઓ આજે શક્તિ કવચ બનીને મારી પ્રજાને સુરક્ષિત રાખે છે.
ધન્ય રે રાજાજી ! આજે સમજાયું કે ખરી શક્તિ તો એને કહેવાય જે લોકોને ડરાવે નહીં પણ લોકોનું રક્ષણ કરે !

# મીઠી યાદેં

TRAVEL



નીરુમાએ લાઈફમાં ડગલે અને પગલે અનેક એડજસ્ટમેન્ટસ્ લીધા છે. પોતે એવા એડજસ્ટમેન્ટ લઈ લે કે આજુબાજુવાળાને સહેજ પણ તકલીફ ના પડે. જો ક્યારેક બહારગામ શિબિરોમાં, સેવાર્થી એમનું ઉલિયું લાવવાનું ભૂલી જાય તો નીરુમા પોતાની સોનાની બંગડીથી ઉલ ઉતારી લેતા. સેવાર્થીને પોતાની ભૂલનું દુઃખ ના રહે તે માટે કહેતા, "રોજ તો ચાંદીનું ઉલિયું વાપરીએ છીએ, આજે તો સોનાનું વાપર્યું !"

એકવાર નીરુમા ઈન્ડિયાથી લંડન જઈ રહ્યા હતા. ફ્લાઈટને લંડન એરપોર્ટ પર લેન્ડ થવાને થોડી વાર હતી. લેન્ડ થતા પહેલા ફ્રેશ થવા માટે નીરુમાએ સેવાર્થી પાસે કાંસકો માંગ્યો. ત્યારે સેવાર્થીએ જણાવ્યું કે કાંસકો લાવવાનું ભૂલાઈ ગયું છે. કલાકો સુધી ફ્લાઈટમાં રહેવાને કારણે નીરુમાના વાળ તો સાવ બગડી ગયા હતા. એવી હાલતમાં મહાત્માઓ સામે જવાનું યોગ્ય નહોતું. સેવાર્થી તો પોતાની ભૂલના કારણે એકદમ ઢીલા પડી ગયા. પણ શું થાય ? ફ્લાઈટમાંથી ટૂથબ્રશ મળ્યું હતું. એ લઈને નીરુમા બાથરુમમાં ગયા. બ્રશ કરીને, મોઢું ધોઈને થોડા ફ્રેશ થયા. બ્રશ કર્યા પછી એ જ ટૂથબ્રશ જોઈને નીરુમાને થયું, "લાવ, આનાથી જ વાળ ઓળી લઉં." ફર્સ્ટ ક્લાસ હેર સેટિંગ થઈ ગયું ! નીરુમા બાથરુમમાંથી વાળ ઓળીને બહાર નીકળ્યા તો સેવાર્થી તો એમને જોઈને બિલકુલ સ્તબ્ધ થઈ ગયા, "નીરુમા, આ કેવી રીતે કર્યું ?!!" નીરુમાએ ધીમે રહીને સેવાર્થીને ટૂથબ્રશ બતાડ્યું. સેવાર્થી તો નીરુમાનું આવું એડજસ્ટમેન્ટ જોઈને આફરીન થઈ ગયા !

**"મિત્રો, આપણે જ્ઞાનીના એડજસ્ટમેન્ટ નોટિસ કરીને આફરીન થઈએ તો ધીરે ધીરે આપણને પણ એડજસ્ટમેન્ટ લેતા આવડી જાય. અને એડજસ્ટમેન્ટ લેવાથી આપણી શક્તિઓ ખીલતી જાય !"**


AALOO CHILLY
Today's Spical:
જંગલમાં ફાટી નીકળેલા ચેપી રોગ વોકીડની રસી શોધાઈ ગઈ છે.
આલુ (હાથી) અને ચીલી (પોપટ) ખાસ મિત્રો છે. ચીલીને વાતો કરવી બહુ જ ગમે છે અને આલુને વાતો સાંભળવી.
તને રસી વિશે ખબર પડી ?
હું રસી નહીં લઉં, મને ઈન્જેક્શન જોઈને ચક્કર આવે છે !
અરે હું તને સમજાવું, ઈન્જેક્શનમાં આપણી બોડીમાં વોકીડના કીટાણું નાખે...
ઓહ બાપ રે, તો મને વોકીડ થઈ જશે હું નહીં લઉ !
એ... મને ડરપોક નહીં કહેવાનો, તું ડરપોક છે, સવારે સિંગિંગ કોમ્પીટીશનમાં તું "મને નહીં આવડે" એવું કહીને રડ્યો હતો. ત્યારે સ્ટ્રોંગ થવું હતું ને !
સાંભળ, રસીમાં થોડા કીટાણું બોડીમાં જાય, પછી બોડી એન્ટીબોડી બનાવે, પછી જો વાઈરસ અટેક કરે તો એન્ટીબોડી વાઈરસ સામે ફાઈટ કરીને એને હરાવી દે. તું સાવ ડરપોક છે આલુ !
આલુની વાત તો સાચી છે..
જો મારું બોડી સ્ટ્રોંગ છે તો હું પણ સ્ટ્રોંગ બનીશ, જો મારું બોડી ફાઈટ કરે છે તો હું પણ ફાઈટ કરીશ !
હવે હું, "મને નથી આવડતું" ના વાઈરસ સામે "મારામાં ખૂબ શક્તિ છે, હું કરી શકીશ"ની રસીથી ફાઈટ કરીશ.
હેં ?
ચીલી.. યુ આર સો સ્માર્ટ ! હું પણ ડર્યા વગર રસી લઈશ ને વોકીડને હરાવી દઈશ.

Akram Express

January 2022
Year : 14, Issue : 5
Conti. Issue No.: 161

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2021-2023
valid upto 31.12.2023
Licensed to Post Without Pre-payment No.
PMG/NG/040/2021-2023
valid upto 31.12.2023
Posted at Adalaj Post Office on 08th of every month

# અને છેલ્લે છેલ્લે...



કોઈપણ શક્તિ પ્રાપ્ત કરવી હોય તો દાદા ભગવાન પાસેથી શક્તિઓ માંગ માંગ કર્યા કરવાની. એ ચોક્કસ ફળ આપે જ. 'નવ કલમોની' ભાવના દરરોજ ભાવવાથી જબરજસ્ત શક્તિઓ પૂરાય. તો આ ભાવનાઓ ભાવવાનું ભૂલશો નહીં ને ?

નવ કલમોને Videoમાં જોવા માટે scan કરો QR code
https://kids.dadabhagwan.org/gallery/Videos/All+Languages/Prayers/Nav+Kalamo/

અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. AGIT૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.
અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.
૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો WhatsApp કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા ID No.,૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - B-99 GIDC, Sector - 25 ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.